# કીર્તન આરાધના

શ્રી ઠાકોરજીની નગર શોભાયાત્રા બાદ રાત્રે `દિવ્યદર્શન' સભામંડપમાં અનુપમ સૂરવૃંદના ભક્તિવંત યુવાકલાકારો દ્વારા સુરીલી કીર્તન આરાધના પ્રસ્તુત કરાઈ. સંતભગવંત સાહેબજી, પૂ. મુકુંદજીવન સ્વામીજી, સંત બહેનો, સેંકડો અક્ષરમુક્તોના સાંનિધ્યે શ્રી પ્રભુજી, શ્રી ગુરુજીનાં માહાત્મ્યદર્શન કરાવતાં વિવિધ કીર્તનોની હારમાળા સૂર-તાલની સંવાદિતા સાથે વિખ્યાત પ્રતિભાઓ દ્વારા ભક્તિરૂપે અર્પણ થઈ.

મુંબઈના અભિજિત ઘોષાલ, જયેશ ગાંધી, મિલિન્દ સેવડે, રાજકોટના કૃણાલ પરમાર, વડોદરાના ચિરાગ રતનપરા, ચિરાગ પટેલ, યશ, કપિલ પંડિત, અમદાવાદના અમિત ઠક્કર, કલ્પેશ વ્યાસ, ચેતન વ્યાસ, દીપ ભરુચી, નડિયાદના સદાશિવ દવે તથા સ્થાનિક મંડળના રાહુલ પટેલ, નિખિલ પારેખ, નિશ્ચલ ઓઝા, દીપેન ગોહિલ, પ્રિન્સ મારડિયા, જિરેન પટેલ સાથે પૂ. સૌમ્યભાઈ શાહ દ્વારા સુમધુર સંગીત અને ભક્તિભર્યાં કીર્તનોની રમઝટ બોલાવાઈ.

વહેલી સવારે મહાયજ્ઞ, ત્યારબાદ શ્રી મૂર્તિદર્શન શોભાયાત્રામાં સહભાગી બનેલ સૌ અક્ષરમુક્તોનો થાક આ કીર્તન આરાધનાએ ભુલાવી દીધો. કીર્તન આરાધના પ્રસ્તુત કરનાર સૌ ભક્તો પર રાજીપો વરસાવી સંતભગવંત સાહેબજી અને પૂ. મુકુંદજીવન સ્વામીજીએ આશીર્વાદરૂપી સ્મૃતિભેટ અર્પણ કરી અને શાલ ઓઢાડી સન્માનિત કર્યા.

આ પ્રસંગે ભક્તહૃદયી ચિત્રકાર કિંજલ સુખડિયા દ્વારા તૈયાર કરાયેલ નૂતન મંદિર અને સંતભગવંત સાહેબજીની મૂર્તિનું મનોહર પેઈન્ટિંગ સાહેબદાદાને અર્પણ કરી ભક્તિવંદના સહ પ્રાર્થના ધરી. આખા દિવસના વિવિધ ભક્તિપૂર્ણ કાર્યક્રમો સાથે અંતરમાં શાશ્વત આનંદની અનુભૂતિ સૌ ભક્તોએ કરી. ◆



કીર્તનભક્તિમાં ગુલતાન કરનાર ભક્તિવંત કલાકાર મુક્તો



કીર્તનભક્તિમાં ગુલતાન સંતો - સ્વરૂપો - ભક્તો



ભક્તહૃદયી ચિત્રકાર કિંજલ સુખડિયા દ્વારા હૃદયભાવ અર્પણ